રાજ્યમાં આવેલી ગુજરાતી માધ્યમ સિવાયની કોઈપણ બોર્ડની કે કોઈપણ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી વિષય ફરજીયાત કરવા બાબત...

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૮/સીંગલફાઇલ-૬/ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૩/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/સીંફા-૮ ઉપરની તારીખ ૨૬/૦૨/૨૦૧૮ની નોંધ

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૦૫/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૧૭-૧૮/૯૬૬

(૩) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ના પ્રકરણ-૭ની કલમ-૩૮

પ્રસ્તાવના:

કોઠારી કમિશન (૧૯૬૪-૬૬)ના રીપોર્ટના આધારે દેશની પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૬૮માં શાળાકીય શિક્ષણ સંદર્ભે ત્રિભાષા ફોર્મ્યુલાની ભલામણ કરવામાં આવેલ છે. તે મુજબ પ્રથમ ભાષા તરીકે માતૃભાષા હોય છે. તે મુજબ ગુજરાત રાજ્યમાં શાળાકીય શિક્ષણમાં પ્રથમ ભાષા તરીકે માતૃભાષા ગુજરાતી હોવી જોઇએ. છેલ્લા કેટલાક દાયકાથી રાજ્યમાં CBSE, ICSE, IB, SGBSE, CIC વગેરે બોર્ડ સાથે સંલગ્ન પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. આ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય છે અને અન્ય ભાષા તરીકે હિન્દી અને વિદેશી ભાષાઓ શીખવવામાં આવે છે પરંતુ ગુજરાતી ભાષા શીખવવામાં આવતી નથી તેવું અનુભવે જણાયું છે. આમ થવાથી માતૃભાષા ગુજરાતીના અપેક્ષિત જ્ઞાનથી બાળકો વંચિત રહે છે.આ પરિસ્થિતિ નિવારવા માટે રાજ્યમાં આવેલી ગુજરાતી માધ્યમ સિવાયની કોઈપણ બોર્ડની કે કોઈપણ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી વિષય ફરજીયાત બનાવવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે, મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ના પ્રકરણ-૭ની કલમ-૩૮માં કરેલી જોગવાઇ ધ્યાને લઇ, રાજ્યમાં આવેલી ગુજરાતી માધ્યમ સિવાયની કોઈપણ બોર્ડની કે કોઈપણ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં આગામી જુન-૨૦૧૮ થી શરૂ થતા સત્રથી ગુજરાતી વિષય ફરજીયાત બનાવવા નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

(૧) ગુજરાત રાજ્ય દ્વારા જે પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે તેવી ગુજરાતી માધ્યમ સિવાયની તમામ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં જુન-૨૦૧૮થી ધોરણ-૧ અને ધોરણ-૨માં પરિચયાત્મક ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાનું રહેશે.

(૨) ગુજરાત બોર્ડ સિવાયની ગુજરાતમાં આવેલ અન્ય બોર્ડની તમામ પ્રાથમિક શાળાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ના મોડામાં મોડા બીજા સત્રથી ધોરણ-૧માં અને ધોરણ-૨માં (પરિચયાત્મક) ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાનું રહેશે.

(૩) ઉપર્યુક્ત ક્રમ (૧) અને (૨)માં નિર્દિષ્ટ શાળાઓએ ગુજરાતી ભાષા શિક્ષણ માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન પરિષદ ધ્વારા આપવામાં આવેલ અભ્યાસક્રમ આધારિત ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવનાર પુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૪) આમ, ગુજરાતી માધ્યમ સિવાયની તમામ શાળાઓમાં વર્ષ-૨૦૧૮માં ધોરણ ૧ અને ૨, વર્ષ-૨૦૧૯માં ધોરણ-૩, વર્ષ-૨૦૨૦માં ધોરણ-૪, તે રીતે ક્રમશઃ ધોરણ-૮ સુધી ગુજરાતી ભાષા શિક્ષણનો ફરજીયાત અમલ કરવાનો રહેશે.

(૫) ધોરણ ૧ અને ૨માટે જરૂરી અભ્યાસક્રમ ગુજરાત શૈક્ષણિક સંશોધન પરિષદે દિન-૧૦માં તૈયાર કરીને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને આપવાનો રહેશે.

(૬) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે તા. ૧૫ જુન, ૨૦૧૮ સુધીમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન પરિષદ દ્વારા આપવામાં આવેલ અભ્યાસક્રમ આધારિત પુસ્તકો લખાવી, છપાવી વેચાણમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) ધોરણ ૧ અને ધોરણ ૨ની જેમ ધોરણ ૩ થી ૮નો અભ્યાસક્રમ પણ ગુજરાત શૈક્ષણિક સંશોધન પરિષદ દ્વારા તૈયાર કરવાનો રહેશે અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તેના આધારે પુસ્તકો લખાવી, છપાવી વેચાણમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી જે શાળા અન્ય બોર્ડ સાથે સંલગ્નતા મેળવવા માંગતી હોય તે શાળાને આપવામાં આવતા "No Objection Certificate" માં **"અન્ય બોર્ડ સાથે સંલગ્નતા મેળવ્યા બાદ સદર ઠરાવની શરતો અનુસાર ગુજરાતી ભાષા શિક્ષણનો ફરજીયાત અમલ કરવાનો રહેશે"** તેવી શરત રાખવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર નં. ૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિકસંશોધનપરિષદ, સેક્ટર નં. ૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, સેક્ટર નં. ૧૦, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર નં. ૨૧, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

(ઉપરના ચાર માટે:) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- ચ શાખા, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેકટ ફાઇલ